# <u>અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ</u>

# <u>જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મીશન અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના અરજદારોને આવાસ ફાળવણી બાબતે</u>

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ(ઔડા) દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લોકોને માલિકીનું ઘર આપવાની યોજના હેઠળ સને ૨૦૦૦ ના વર્ષમાં સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરાતની પ્રસિધ્ધીથી અરજીઓ મંગાવવામાં આવતાં જે લાયક લોકોએ નિયત સમયમર્યાદામાં અરજી પુર્ણ સ્વરૂપ કરી છે. અને અરજી સાથે રૂ.૧૦૦૦/- ડીપોઝીટ તરીકે ભરેલ છે, તેવા તમામ નોંધાયેલ લાભાર્થીઓને જણાવવામાં આવે છે કે જે.એન.એન.યુ.આર.એમ. તથા રાજ્ય સરકારની ગ્રાન્ટ અંતર્ગત લાભાર્થીઓને ફાળવવામાં આવનાર રહેણાંકના મકાનોનું બાંધકામ પુર્ણ થયેલ છે. પુર્ણ  થયેલ ૩૦૮૦ આવાસોનું ક્ષેત્રફળ ૨૭.૫૪ ચો.મી. અને ૫૦૮૮ આવાસોનું ૩૩.૧૫ ચો.મી. છે. **આ આવાસો ટાઉન પ્લાનીંગ સ્કીમ અંતર્ગત સત્તામંડળને સંપ્રાપ્ત થયેલ અનામત પ્લોટ પર બાંધવામાં આવેલ હોવાથી પ્લોટ/જમીનની કિંમત સિવાય લાભાર્થીઓએ ચૂકવવાની રકમ નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે.**

<u>ગ્રાન્ટની રકમ બાદની ચોખ્ખી કિંમત</u>

(૧) ૨૭.૫૭ ચો.મી.ના એક આવાસની કિંમત રૂ.૧,૦૫,૦૦૦/-
(અંકે રૂપિયા એક લાખ પાંચ હજાર પુરા)

(૨) ૩૩.૧૫ ચો.મી. ના એક આવાસની કિંમત રૂ.૧,૨૫,૦૦૦/-
(અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરા)

નોંધાયેલ માન્ય લાભાર્થીઓને જાહેર કોમ્પ્યુટર ડ્રો દ્વારા આવાસની ફાળવણી કરવામાં આવનાર છે. આવાસની ફાળવણી અંગે નીચે મુજબની કાર્ય પધ્ધતિ નિયત કરેલ છે.

(૧) પાત્ર લાભાર્થીએ ત.૨૫/૬/૨૦૧૧ સુધીમાં ઉપર જણાવેલ કિંમત પૈકી રૂ.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પૂરા સત્તામંડળમાં (ઔડામાં) એકાઉન્ટ પેઇ ડીમાન્ડ ડ્રાફટ અથવા પે-ઓર્ડર જમા કરાવવાના રહેશે. જે લાભાર્થીઓને જાહેર ડ્રોથી મકાન ફાળવવામાં આવે તેવા લાભાર્થીઓએ ડ્રોની તારીખેથી નેવું (૯૦) દિવસમાં બાકીની રકમ જે ક્ષેત્રફળના આધારે આવાસની ફાળવણી થઇ હોય તેની કુલ કિંમતના તફાવતની રકમ ઔડામાં ડીડી/પે-ઓર્ડરથી ભરવાથી રહેશે. પૂરેપૂરી રકમ જમા કરાવ્યા બાદ આવાસના મકાનનો કબજો સોંપવા કાર્યવાહી કરવામાં આવશે. જેમાં અરજદારે અગાઉ અરજી સાથે ભરેલ રૂ.૧૦૦૦/- ડિપોઝીટ આવાસની કિંમત સામે સરભર કરવામાં આવશે.

(૨) તા.૨૫/૬/૨૦૧૧ સુધીમાં ઉપર જણાવ્યા મુજબની રકમ જમા કરાવેલ લાભાર્થીઓનો જાહેર કોમ્પ્યુટર ડ્રો તા.૩૧/૮/૨૦૧૧ સુધીમાં વહીવટી અનુકૂળતા મુજબ કરવામાં આવશે.

(૩) તા.૨૫/૬/૨૦૧૧ સુધીની સમયમર્યાદામાં રકમ જમા ન કરાવનાર લાભાર્થીઓ માટે જાહેર ડ્રો ક્યારે કરવો તેની યોજના અલગથી જાહેર કરવામાં આવશે. તા.૩૧/૮/૨૦૧૧ સુધીમાં થયેલ ડ્રોમાં ફાળવણી થયેલ આવાસો બાદ કરતાં બાકી રહેતા આવાસોનો ઉપરની સુચિત યોજનામાં સમાવેશ કરવામાં આવશે.

(૪) જાહેર કોમ્પ્યુટર ડ્રોથી આવાસની ફાળવણી બાદ જે લાભાર્થી નિયત કરેલ સમય મર્યાદામાં પુરેપુરી રકમ જમા કરાવશે તેવા લાભાર્થીને ફાળવણી કરેલ આવાસનો પ્રત્યક્ષ કબજો આપવામાં આવશે.

(૫) સને ૨૦૦૦ ની સાલમાં અરજી કરેલ છે અને તેમને આવાસની ફાળવણી થયેલ નથી, તેવા પાત્રતા ધરાવતા તમામ અરજદારોએ તેઓના **તાજેતરના સરનામા** સત્તામંડળની કચેરીમાં અરજી ફોર્મના નંબર અને રૂ.૧૦૦૦/- ની પહોંચની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ તથા સરનામા અંગેના જરૂરી પુરાવાઓ જેવાકે વીજળીનું બીલ, ટેલીફોન બીલ, ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ વિગેરેની પ્રમાણિત ઝેરોક્ષ નકલ સાથે સત્વરે મામલતદારશ્રી એસ્ટેટને સંબોધીને મોકલી આપવા વિનંતી છે, જેથી અરજદાર સાથે ભવિષ્યનો પત્રવ્યવહાર યોગ્ય સરનામે થઇ શકે. જે અરજદારે તેમના બદલાયેલ નવા સરનામાંની જાણ કરશે નહીં અને પરિણામે તેમને કોઇ જાણ અત્રેથી થઇ ન શકે તો તેની સંપૂર્ણ જવાબદારી અરજદારની રહેશે. તેમાં ઔડા(સત્તામંડળ)ની કોઇ જવાબદારી રહેશે નહી.

(૬) ઉપરોક્ત તમામ બાબતોની કામગીરીમાં જરૂરી/આવશ્યક ફેરફારો કરવા અંગેની તમામ સત્તાઓ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અબાધિત રહેશે.

ક્રમાંક:એસ્ટેટ/ઇ.ડબલ્યુ.એસ./

તા.

મુખ્ય કારોબારી અધિકારી
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ
અમદાવાદ